404001820

(ખાખી/કાળા રંગનું સ્ટીકર અહીં ચોંટાડવું)
(Paste Brown/Black Sticker here)

**CSM-4**

Answer Book
જવાબવહી

GPSC - 2019

| Medium of Answer (Choose any one) | |
|---|---|
| Gujarati | English |
| ✓ | |

# 2018-19

વિષય : General Studies - 1 (CSM-4)
પરીક્ષાની તારીખ : 24/02/2019
Marks : 150 Duration : 3 Hours

| | | |
|---|---|---|
| Q-01 | 5 | 1.5 |
| Q-02 | 5 | 1 |
| Q-03 | 5 | 2.5 |
| Q-04 | 5 | 2.5 |
| Q-05 | 5 | 0 |
| Q-06 | 5 | 0.5 |
| Q-07 | 5 | 1.5 |
| Q-08 | 5 | 4.5 |
| Q-09 | 5 | 3 |
| Q-10 | 5 | 2.5 |
| Q-11 | 10 | 5.5 |
| Q-12 | 10 | 4 |
| Q-13 | 10 | 2.5 |
| Q-14 | 10 | 5.5 |
| Q-15 | 10 | 3.5 |
| Q-16 | 10 | 0 |
| Q-17 | 10 | 2.5 |
| Q-18 | 10 | 0 |
| Q-19 | 10 | 3.5 |
| Q-20 | 10 | 5 |
| Q-21 | 10 | 6 |
| Q-22 | 10 | 6.5 |
| | 150 | 64 |
| | | Sixty Four |

રિમાર્કસ

12 પ્રશ્નોમાંથી
મેદવારે લખેલ
થમ 10 જવાબો
મૂલ્યાંકન માટે
ધ્યાને લેવાશે.
સિવાયના વધુ
જવાબો માટે
શૂન્ય ગુણ
આપવામાં
આવશે.

માં જ લખવા

ઉમેદવારે આ જગ્યામાં કંઈ લખવું નહીં

GPSC-2019
404001820

પરીક્ષકનું નામ, સહી અને તારીખ / Examiner's Name and Signature

## સૂચનાઓ

(૧) ઉમેદવારના પ્રવેશપત્ર પરનો બેઠક નંબર, ટિકીટ નંબર, વિષય કોડ તથા બારકોડ સ્ટીકર પરનો ટિકિટ નંબર, બેઠક નંબર તથા વિષય કોડ એક જ છે તે ચકાસીને ઉપર બતાવેલ બોક્સમાં બારકોડ સ્ટીકર ચોંટાડવું. ત્યારબાદ નિરીક્ષકની સૂચના પ્રમાણે ખાખી/કાળા રંગનું સ્ટીકર તેના ઉપર ચોંટાડવું.

(૨) ઉમેદવારે નિયત જગ્યા સિવાય જવાબવહીના કોઈપણ ભાગમાં ટિકિટ નંબર, બેઠક નંબર કે તખલ્લુસ દર્શાવવા નહિ કે કોઈ પણ પ્રકારની નિશાની કરવી નહિ.

(૩) ઉમેદવાર વાદળી કે કાળી શાહીની બોલપેનથી ઉત્તરો લખી શકશે. પરંતુ તે સિવાયની કોઈ પણ રંગની શાહી, બોલપેન કે સ્કેચ પેનનો ઉપયોગ કરી શકશે નહિ.

(૪) ઉમેદવારે જવાબવહી નિરીક્ષકને સોંપતા પહેલાં ખાતરી કરી લેવી કે તેના ઉપર નિરીક્ષકની સહી થયેલ છે. નિરીક્ષકની સહી વગરની જવાબવહી તપાસવામાં આવશે નહિ.

(૫) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યામાં જ જવાબ લખવાના રહેશે.

(૬) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યા સિવાય અન્ય જગ્યાએ ઉત્તરો લખેલ હશે તો તે તપાસવામાં આવશે નહિ તથા શૂન્ય ગુણ આપવામાં આવશે.

(૭) જે તે પ્રશ્નમાં માંગેલ જવાબોની સંખ્યા મુજબ પ્રથમ લખેલ જવાબો મૂલ્યાંકન અને ગુણપ્રદાન માટે ધ્યાને લેવાશે અને તે સિવાયના જવાબો માટે શૂન્ય ગુણ ગણવાના રહેશે.

(૮) જવાબ લખવા માટે અલગથી કોઈ પ્રકારની જવાબવહી/પુરવણી આપવામાં આવશે નહિ.

(૯) ઉમેદવારે જે પ્રશ્નનો ઉત્તર ના લખેલ હોય અથવા જ્યાં ખાલી જગ્યા રહેલ હોય ત્યાં ત્રાંસી લીટી કરવાની રહેશે.

(૧૦) ઉપર્યુક્ત સૂચનાઓનો ભંગ કરનારને આયોગ યોગ્ય શિક્ષા કરી શકશે.

(૧૧) બેઠક નંબર લખવામાં ઉમેદવાર ભૂલ કરશે તો તે પછી કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૨) આ પ્રશ્નપત્રમાં જવાબના માધ્યમ માટે વિકલ્પ ઉપલબ્ધ છે, ઉમેદવારે ઉપલબ્ધ માધ્યમ પૈકી કોઈ એક માધ્યમની પસંદગી અવશ્ય દર્શાવવાની રહેશે (✓) અને ઉમેદવારે તે જ માધ્યમમાં જવાબ આપવાના રહેશે અન્યથા જવાબવહી તપાસવામાં આવશે નહીં.

Scanned by CamScanner

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 5

**પ્ર.1.** ચોલા શાસન હેઠળના સ્થાનિક સ્વરાજનું સંક્ષિપ્તમાં વર્ણન કરો.

**Q.1.** Briefly describe the Local Self-Government under the Chola administration.




પરાંતક-1 ના 'ઉત્તરમેરુર અભિલેખ'માં ચોલ સામ્રાજ્યના અદ્વિતીય ગ્રામ શાસનના પુરાવા મળે છે.

(1) ગ્રામશાસન વિકેન્દ્રીકૃત વ્યવસ્થા – જ્યાં સ્થાનિક સ્તરે વહીવટી સ્વાયત્તતા

(2) સભા અને સમિતિઓ: વારીયમ્ નામની સમિતિઓ ગ્રામ વહીવટ કરતી, સ્થાનીય સ્તરે મહેસૂલ ઉઘરાવવાની છૂટ. સભ્યોની નિમણૂક અને ફરજોના પુરાવા અભિલેખમાંથી પ્રાપ્ત થાય છે. જ્યાં નિયમો, અનુભવી, નિભાવવાની ફરજોનું વર્ણન

(3) શ્રેણી: વ્યાપાર અને વાણિજ્ય માટે શ્રેણીઓ હતી. ગ્રામ અને નગરને જોડતી કડી. શ્રેણીનું વહીવટમાં હસ્તક્ષેપ નહીં. મણિગ્રામમ્, વાલંજીયાર જેવી શ્રેણીનો ઉલ્લેખ જોવા મળે છે. ?

(4) કેન્દ્ર સાથે સંબંધ: કેન્દ્રમાં રાજાશાહી – કેન્દ્રીકૃત શાસન છતાં ગ્રામ સાથે અહસ્તક્ષેપની નીતિ.

(5) ગ્રામીણ સ્તરે ન્યાય, શાંતી માટે સૈન્ય વ્યવસ્થા પણ જોવા મળે છે.

આમ, ચોલ શાસનમાં આજના જમાનાની ગ્રામીણ તંત્રની ઝાંખી કરી શકાય છે.

1½
Q.Q-01

**DO NOT WRITE HERE**

Scanned by CamScanner

| પ્ર.2. | ગુજરાતમાં સિંધુ ખીણની સંસ્કૃતિની સ્થાપત્ય કલા અંગે નોંધ લખો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|---|---|
| Q.2. | Write a note on the sculptural art of Indus Valley Civilization in Gujarat. | કુલ ગુણ / TOTAL MARKS: 5 |

ઈ.સ. પૂર્વ 3000-1700 દરમ્યાન સપ્તસિંધુ પ્રદેશમાં સિંધુ સભ્યતાનો વિકાસ થયો. જેમાં નગરીય વ્યવસ્થા અને સ્થાપત્ય કલા પરાકાષ્ઠાએ વિકસિત થઈ હતી..

**સ્થાપત્યો :** ① **મકાનો** - બે પ્રકારના મકાનો – સિટાડેલ અને સાદા પાકી માટીના. પુરથી રક્ષણ થાય, બધા બાજુ કિલ્લેબંધી વાળા નગરો તે સમયની સ્થાપત્ય કલાના ઉત્કૃષ્ટ નમૂનો છે. મોહેંજો દડો

② **અન્નાગાર** – સામુહિક જરૂરિયાતોને પૂરી કરવા મોટેમાં અન્નાગાર મળી આવ્યું છે – 45 મીટર લાંબુ, 25 મીટર પહોળું

③ **સ્નાનાગાર** – સામાજિક પ્રસંગોના કરવા માટે સ્નાનાગાર..

④ **ગટર યોજના** – ઉત્કૃષ્ઠ, ગ્રીડ પ્રણાલી, ઘરથી ખાળકુવા ને ખાળકુવાથી મુખ્ય ગટર લાઈન – સ્વચ્છતાના હિમાયતી.

**કલા :** ① **કાંસ્ય** – નર્તકીની મૂર્તિ, ધાતુકામ અને સંગીતકલાનું

② **માટીકામ** – બે પ્રકારના વાસણો – સુશોભિત અને ઘર વપરાશના – માટીકળામાં નિપુણ

③ **મૂર્તિ** – પુરોહિત રાજાની મૂર્તિ, માતૃદેવીની પાકીમાટીની મૂર્તિ માટીકામ, ~~શિલ્પ~~કામમાં નિપુણતા દર્શાવે

④ **સિક્કા** – તાંબુ, કાંસુના સિક્કા તેમની ઉત્કૃષ્ટ કલા કારીગરીનો ચિત્ર પ્રસ્તુત કરે. આમ, સિંધુ સભ્યતા કલા સ્થાપત્યની દ્રષ્ટિએ ~~સ~~ બેજોડ હતી.

**DO NOT WRITE HERE**

Scanned by CamScanner

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 5 |
|---|---|
| 2½ | |

**પ્ર.3.** ભારતીય ઉપખંડની અંદર તેમજ બહાર બૌદ્ધ ધર્મના ઝડપી ફેલાવામાં મદદ કરનારા પરિબળોની ચર્ચા કરો.

**Q.3.** Discuss the factors which helped in the quick spread of Buddhism inside and outside the Indian subcontinent.

બૌદ્ધ ધર્મનો ઉદ્ભવ અને મહાજનપદ કાળમાં ભારતમાં વિકાસ થયો. જે ઠીક ભારત ઉપમહાદ્વિપ સુધી પહોંચ્યો...

કારણો : (1) અશોકની નીતિ : ધમ્મ મહામાત્રોની નિમણૂંક, રાજકીય સંરક્ષણ આપ્યું, શિલાલેખો, સ્તુપો બંધાવ્યા, પુત્ર મહેન્દ્ર, સંઘમિત્રાને ધાર્મિક પ્રચાર હેતુ શ્રીલંકા, હિંદુકુશ/અફઘાનને તીબેટ મોકલવા, બુદ્ધ અનુશાસન...

(2) બ્રાહ્મણ વિરોધી નીતિ: વર્ણવ્યવસ્થામાં નિમ્ન વર્ગના લોકોનું શોષણને બ્રાહ્મણો વિરોધી પ્રતિક્રિયાત્મકતા.

(3) અન્ય રાજાઓનું સમર્થન: અજાતશત્રુ, કાલાશોક, કનિષ્ક, અશોક એમ 4 બૌદ્ધ સંગીતિઓ ભરી.. પ્રચારને વેગ આપ્યો.

(4) શૈક્ષણિક સંસ્થા – તક્ષશિલા, નાલંદામાં બૌદ્ધ શિક્ષણથી બૌદ્ધ ધર્મ રાજ્યધર્મ બન્યો.

(5) નવા વેપારી વર્ગનો ઉદય – કૃષિથી શોષણ અને બ્રાહ્મણ ~~xxx~~ વર્ગનો ઉદય વિરોધી નવા શ્રેષ્ઠી, શુદ્રો અને વૈશ્યનો

(6) સામાજિક આડંબર – જટીલ ધર્મ, સ્ત્રીને સમાન ગણાતી, નિમ્ન વર્ગનું શોષણ, રૂઢિગત બ્રાહ્મણવર્ગ.

(7) ભાષા – પાલિ ભાષામાં લોકો સરળતાથી સમજ્યા, સંસ્કૃત નહી. આમ, બૌદ્ધ ધર્મ રાજ્યધર્મ બન્યો

Q.Q-03

DO NOT WRITE HERE

Scanned by CamScanner

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| **કુલ ગુણ / TOTAL MARKS: 5** |

પ્ર.4. સામાજિક પરિવર્તન અંગેના સ્વામી વિવેકાનંદના વિચારોની ટૂંકમાં ચર્ચા કરો.

Q.4. **Discuss in brief about Swami Vivekanand's views on social change.**

ભારતના આધ્યાત્મિક ગુરુ સ્વામી વિવેકાનંદ રામકૃષ્ણ પરમહંસના શિષ્ય હતા. તેમના સામાજિક પરિવર્તનના વિચારો નીચે મુજબ છે.

(1) જનસેવા એજ પ્રભુસેવા : સામાજિક, ધાર્મિક રૂઢિઓમાં મૂર્તિપૂજા, ઈશ્વરપૂજાના સ્થાને દરેક મનુષ્યની જ પૂજા કરવી જોઈએ – તેજ સાચી પ્રભુની સેવા છે.

2½ Q.Q-04

(2) પહેલા અન્ન પછી ભક્તિ : ભક્તના વિચારોમાં સ્વામીજી પ્રથમ આરોગીને પછી જ ભગવાનની ભક્તિની પ્રેરણા

(3) વિશ્વશાંતી, સહિષ્ણુતા : ધર્મ વિશે તેમણે કહ્યું કે 'અમે માત્ર અમારા ધર્મમાં જ માનતા એવું નથી, બધા ધર્મોનો આત્મપૂર્ણ સ્વીકાર પણ કરીએ છીએ.'

(4) પુરુષાર્થના વિચારો : દરેક વ્યક્તિએ જીવનમાં વધારે પુરુષાર્થ કરવો જોઈએ. ધ્યેયની પ્રાપ્તિ માટે 'ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્ત સુધી મંડ્યા રહો'

(5) ભાઈચારો, એકતા – સામાજિક પરિવર્તન માટે માનવ-માનવ વચ્ચે અંતર ઘટાડવું જોઈએ. વ્યક્તિ મરી સ્થિર માનવી બનવું જોઈએ.

→ આમ, સ્વામી વિવેકાનંદે દિશાહીન, રૂઢીગત સમાજને પ્રેરકબળ આપી પ્રગતિશીલ, વિચારવંતો, રાષ્ટ્રભિમાની બનાવ્યો. આઝાદીની ચળવળમાં ઘણા માટે આદર્શરૂપી બની રહ્યા.

**DO NOT WRITE HERE**

Scanned by CamScanner

404001820

6

CSM-4 CSM-4

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 5

પ્ર.5. ભારતીય સિનેમામાં કયા ત્રણ બંગાળી ફિલ્મ નિર્દેશકોએ સમાંતર સિનેમામાં પ્રદાન કર્યું છે ? તેમના પ્રત્યેકના એક હિંદી ચલચિત્રનું નામ જણાવો.

Q.5. In Indian cinema, which are the three Bengali film directors who contributed in parallel cinemas ? Mention each one's title of Hindi movie.

1. અરવિન્દ્રનાથ ટાગોર
2. આપનાશ ઘોષ
3. સત્યેન્દ્રનાથ - બોઝ

X

0 X

Q.Q-05

પ્ર.6.

Q.6.

DO NOT WRITE HERE

Scanned by CamScanner

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 5 | |

Q.6. "સૌરાષ્ટ્રની રસધાર" પુસ્તકમાં ભારતની રાષ્ટ્રીય અસ્મિતા કઇ રીતે પ્રગટ થાય છે તેનું વિશ્લેષણ કરો.

Q.6. **Analyze how India's "Rashtriya Asmita" is manifested in the book *"Saurashtra ni Rasdhar."***

લોકસંસ્કૃતિમાં લોકસાહિત્ય અને ઓળખાય ખાસ કરીને સૌરાષ્ટ્રના લોકસાહિત્યને સંગ્રહવાનું, વિકસાવવાનું કાર્ય 'સૌરાષ્ટ્રની રસધાર' થકી 'ઝવેરચંદ મેઘાણીએ' કર્યું છે. તેમાં નીચે મુજબ ભારતીય અસ્મિતા દેખાય...

1) સામાજિક ઝાંખી – સમાજ, તેની બોલી, રીત-ભાત એમ સંસ્કૃતિ – ભારતીય વિવિધતાની ઝાંખી થાય છે.

2) સ્ત્રીની સ્થિતિ – તત્કાલિન સમયમાં સ્ત્રીઓની સ્થિતિ, તેમના કર્તવ્યો – ભારતીય અસ્મિતાની વિવિધ રીતિ રીવાજો ઝાંખી કરાવે છે.

3) વીરરસ – લૂંટારા, ચોર, ઠાકોરો સામે ખમીરથી લડયા ધીરજી વાર્તાઓ દ્વારા રાષ્ટ્રીય અસ્મિતાને પ્રગટ કરી.

4) સંસ્કારદૃષ્ટિ – ભારતના અતિથિ દેવો ભવ, માતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવના સંસ્કાર દૃષ્ટિથી રાષ્ટ્રીય અસ્મિતાને જીવંત કરી દર્શાવે છે.

5) ધાર્મિક ઝાંખી – ભારતની બિનસાંપ્રદાયિક, અનેક જાતિઓ અનેક ધર્મમાં એકતા દર્શાવે. આમ, 'સૌરાષ્ટ્રની રસધાર' સમાજવાદી, ન્યાય, બિનસાંપ્રદાયિક, વિવિધ સંસ્કૃતિની ઝાંખી કરાવે છે.

1/2 Q.Q-06

DO NOT WRITE HERE

Scanned by CamScanner

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

પ્ર.7. "પાટણના પટોળા"નો સંક્ષિપ્ત ઇતિહાસ લખો અને આ કલા સ્વરૂપને વધુ સુદૃઢ બનાવવા માટેના પગલાં સૂચવો.

Q.7. Trace a brief history of 'PATAN NA PATODA' and suggest the measures to strengthen this art form.

પાટણના પટોળા : ઉદ્ભવ – સોલંકીકાળ દરમ્યાન, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમયમાં (10-11 સદી) ગુજરાતના પાટણ શહેરમાં ઉદ્ભવ થયો...

વિશેષતા — ભરતકામ – સાડીની એક પ્રકાર છે જે માચીસમાં પણ સમાય શકે તેવું કહેવાય છે. રંગપૂરણી, ડિઝાઇન અને ટેમ્પલે અત્યંત ઉત્કૃષ્ટ છે – GI ટેગ મળેલો છે.

સુદૃઢ બનાવવાના પગલાં :–

1) કારીગરોને સંસાધનો ઉપલબ્ધ કરાવવા. નાણા, સામગ્રી...

2) પટોળાનું વૈશ્વિક કક્ષાએ વિજ્ઞાપન કરવું – સોશિયલ-મીડિયા, ગ્રામીણ હાટ, રાષ્ટ્રીય મહોત્સવોની મદદથી.

3) ઈ-કોમર્સ સાથે જોડાણ સાધી ખુલ્લા બજારમાં વેચવા.

4) તાલીમ-કૌશલ :– નવા કારીગરોને તાલીમ, કૌશલ માટે સંસ્થા ખોલવી. વિશેષરૂપે મહિલા સશક્તિકરણ, સ્વયં સહાય જૂથની મદદથી કરી શકાય.

5) નવીનીકરણ – નવી ડિઝાઇન, નવી ભાત, રંગોમાં સહાયતા.

6) સરકાર દ્વારા નીતિ, બિન સરકારી સંગઠનો, સ્થાનિક શાસન અને મીડિયા – બધા હિતધારકોએ જાગૃતિ ફેલાવી સુદૃઢ બનાવી શકાય.

1½

Q.Q-07

DO NOT WRITE HERE

Scanned by CamScanner

CSM-4

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

પ્ર.8. ખડકોનું તેમની રચનાની ઢબના આધારે સંક્ષિપ્તમાં વર્ગીકરણ આપો.

Q.8. Give a brief classification of rocks based on mode of formation.

ખડક :- પૃથ્વી સપાટી પર આવેલા જૈવિક / અજૈવિક પદાર્થોના બનેલા ચોક્કસ ગુણધર્મો ધરાવતી સપાટીને ખડક કહેવાય.

- રચનાની ઢબને આધારે ત્રણ પ્રકારો છે.

(1) આગ્નેય ખડક :- પૃથ્વી સપાટી પર લાવાના પથરાવાથી ખડકો બની તે. બે પ્રકાર i) આંતરિક- ભૂગર્ભમાં લાવા ઠરે.

ii) બાહ્ય : બહાર સપાટી પર લાવા ઠરે.

ઉદાહરણ - ગ્રેનાઈટ, બેસાલ્ટ, ગ્રેબો વગેરે... લાક્ષણિકતા છે. - સ્ફટિકોનો, સ્તરનો અભાવ. : પિતૃખડક (આગ્નેય) માં

(2) પ્રસ્તર / જળકૃત ખડકો :- નદી (જળ) કે પવન દ્વારા ધોવાણ, તાપમાન, દબાણને લીધે ક્યારેક રાસાયણિક, સ્ફટિકમય બીજી ક્રિયાઓ થવાથી ખડક બને તે.

જીવાશ્મયુક્ત ખડક બને તે.

ઉદા. - ચૂનાનો પત્થર, માટી...

(3) રૂપાંતરિત ખડક :- તાપમાન / દબાણને લીધે આગ્નેય કે જળકૃત ખડકોનું રૂપાંતરણ થાય તે રૂપાંતરિત ખડકો કહેવાય છે.

ઉદા. માટી માંથી સ્લેટ બને, ગ્રેનાઈટ માંથી નાઈસ બને...

ચૂનાના પત્થર → ક્વાર્ટ્ઝ બને...

⇒ આ ત્રણેય ખડકોની રચના ચાલુ રહે → ખડકોના ચક્ર - તેને ખડકચક્ર કહેવાય.


**DO NOT WRITE HERE**

Scanned by CamScanner

CSM-SM-4

| પ્ર.9. | ગુજરાતમાં આદિજાતિ વસ્તીનું સ્થળલક્ષી ધ્રુવીકરણ ઉદાહરણો સાથે સમજાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|---|---|
| Q.9. | Explain, with examples, the spatial polarization of Tribal population in Gujarat. | કુલ ગુણ / TOTAL MARKS: 5 |

ગુજરાતમાં 8.6% (વસ્તીગણતરી'11) જેટલી આદિજાતિ વસવાટ કરે છે.




- ગુજરાતના નકશામાં દર્શાવ્યા મુજબ પૂર્વ ગુજરાતના છેડે ઉત્તરે અરવલ્લીથી મહિસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, વલસાડ અને ડાંગમાં વિશેષરૂપે તેમનું ધ્રુવીકરણ થયેલું છે.

3 Q.Q-09

→ મુખ્ય આદિજાતિમાં રાઠવા, ભીલો, ગામિતો

⇒ ધ્રુવીકરણના કારણો :

① જંગલવિસ્તાર:- પૂર્વ ગુજરાતનો આખોય પટ્ટો જંગલ વિસ્તાર ધરાવે છે આદિજાતિના નિવાસ માટે અનુકૂળ...

② ફોરેસ્ટ રાઈટ એક્ટ, 2006:- જંગલ સંપત્તિમાં તેમને હકોના ભાવ મળે ને સ્થાનિય શાસન ચલાવવા રહી રહ્યાં છે.

③ મુખ્ય ધારાથી વંચિત :- ઘણા બધા આદિજાતિ પરિવારો આધુનિક શહેરીકરણની ~~પ્રક્રિયા~~

④ સંસ્કૃતિ- તેમની અનન્ય સંસ્કૃતિ ટકાવી રાખવાને, પ્રકૃતિ-પ્રેમી, પ્રકૃતિ સાથે ગાઢ સંબંધ સ્થાપી રાખવા..

⇒ આમ ઘણા કારણોથી ગુજરાતમા આદિજાતિ પૂર્વ ભાગ ધ્રુવીકૃત થયેલી છે. આ ઉપરાંત - નળકાંઠામાં-પઢારો, ગીરમાં પણ આદિજાતિઓ જોવા મળે છે.

DO NOT WRITE HERE


Scanned by CamScanner

Q.10. ગુજરાતમાં ડેરી વિકાસની મુખ્ય લાક્ષણિકતાઓ સમજાવો તેમજ ગુજરાતના દુધાળા પશુઓની ઓલાદો જણાવો.

Q.10. Explain the salient features of dairy development in Gujarat and mention the breeds of milking cattle of Gujarat.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 5 |
|---|---|
| | |

ગુજરાત દુગ્ધઉત્પાદનમાં અગ્રેસર છે ત્યારે ડેરી વિકાસની લાક્ષણિકતાઓ આ મુજબ છે




1) અસમાન વિકાસ – ક્ષેત્રીય અસમાનતા. ચરોતર, ઉત્તર ગુજરાતમાં વધુ વિકાસ જ્યારે કચ્છ, કાઠિયાવાડમાં નિમ્ન વિકાસ.

2) સહકારી ક્ષેત્ર :- ગુજરાતમાં ડેરી વિકાસ મુખ્યત્વે સહકારીઓ જ થયો છે. ખાનગી ડેરી, સંપૂર્ણ જાહેર ડેરી નથી (No Profit - No loss)

3) નાણાકીય સમાવેશન :- ગુજરાતના પશુપાલકોને દુધની કિંમત પ્રતિ દસ દિવસે ઓનલાઇન હસ્તાંતરણ, નારી સશક્તિકરણ.

4) જાગૃતિ – સમયાંતરે જાગૃતિ અભિયાનો, સામાજિક સુરક્ષા ઉપલબ્ધ કરાય. પ્રોત્સાહન, ઉત્તમ કોટીના બીજ, ખાણ, ચારો

5) વિકાસ, મૂલ્યવર્ધન – "Taste of India" ના નામે સમગ્ર વિશ્વમાં ઉત્પાદિત પેદાશોની નિકાસ

→ દુધાળા પશુની ઓલાદો

1) ગાય : ગીર, પકિયારી, લાલડી, ડગરી, જર્સી, કાંકરેજ

2) ભેંસ : જાફરાબાદી, મહેસાણી, સુરતી, બનાસકાંઠી, બન્ની.

3) ઘેટાં : કચ્છી, રાજસ્થાની. 4) બકરી : સિંધપુરીની..

⇒ આમ, ગુજરાતમાં ડેરી વિકાસ વિકાસનું ગ્રીય ઓળખ બન્યો છે.

DO NOT WRITE HERE

Scanned by CamScanner

## વિભાગ - B

(1) પ્રશ્નક્રમાંક : 11 થી 22

(2) નીચેના 12 પૈકી ગમે તે 10 પ્રશ્નોના જવાબ લખવાના છે. ફક્ત પ્રથમ 10 લખાયેલાં પ્રશ્નો જ ધ્યાને લેવામાં આવશે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 130 થી 140 શબ્દોમાં લખવા.

## SECTION - B

(1) Question No. 11 to 22

(2) Attempt any 10 out of 12 questions. Only the first 10 attempted questions would be considered.

(3) Each question carries 10 marks.

(4) Answer should be given in approximately 130 to 140 words.

પ્ર.11. નાગર અને દ્રવિડ મંદિર સ્થાપત્ય શૈલીઓની સરખામણી ઉદાહરણો સાથે કરો.

Q.11. Compare the Nagara and Dravida styles of temple architecture with examples.


| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |


નાગર અને દ્રવિડ મંદિર સ્થાપત્ય શૈલીની સરખામણી :

| નાગર શૈલી | દ્રવિડ શૈલી |
|---|---|
| 1) સ્થાન : ઉત્તર ભારત | 1) દક્ષિણ ભારત |
| 2) ઉદ્ભવ : ગુપ્તકાળ | 2) પલ્લવો દ્વારા |
| 3) ચર્મોત્કર્ષ : ૭-૧૨મી સદી વિદેશી પ્રભાવ | 3) ચોલ દ્વારા, શુદ્ધ સ્વદેશી |
| 4) મંદિરોની વિશેષતા :<br>- પંચાયતન શૈલી<br>- પ્રદક્ષિણા પથ<br>- રેખીય વિમાનાકાર શીખર<br>- સ્તંભયુક્ત સભામંડપ<br>- સભામંડપમાં પશુ શિલ્પ (પોઠીયો-શિવ) | 4) પંચાયતન શૈલી<br>- લંબચોરસ મંદિરો<br>- શિખરો- પિરામિડાકાર<br>- મંદિરની ચારે બાજુ ઊંચી દિવાલ<br>- પ્રવેશ દ્વાર- ગોપુરમ. |
| ઉદા - દેવગઢ દશાવતાર મંદિર, ચિત્રકુમેશ્વર, સૂર્યમંદિર | ઉદા. ગંગૈકોંડ ચોલપુરમ, લેપાક્ષી, વિરુપાક્ષ મંદિર. |

Scanned by CamScanner

| નાગર શૈલી | દ્રાવિડ શૈલી |
|---|---|
| - પ્રવેશ દ્વારમાં તોરણો<br>- ગર્ભગૃહ<br>- જળાશય, કુંડની હાજરી (મોઢેરા સૂર્યમંદિર) | - ગોપુરમ (પિરામિડ આકારના શિખરથી ઉંચા.), ગર્ભગૃહ.<br>- જળસંચયની ઉત્તમ પ્રણાલી (બૃહદેશ્વર મંદિર) |
| 5) - ગુપ્ત, હર્ષવર્ધન, રાજપુત, સોલંકી રાજાઓનું સંરક્ષણ | 5) ચોલ, પલ્લવ, વિજયનગર, મદુરાયના પાંડ્યોનું સંરક્ષણ |
| 6) - ઉપશૈલીઓ -<br>- ચાલુક્ય, ખજુરાહો - કંદારિયા મહાદેવ<br>ઓડિશી શૈલી - પુરી જગન્નાથ મંદિર | 6) ઉપશૈલી - નાયક, ચોલ, વિજયનગર - [illegible] શૈલી, ઉદા - લોટસ મંદિર, વિઠ્ઠલનાથ મંદિર |
| 7) કોતરણીકામ - ઓછું<br>ઉદા ખજુરાહો મંદિર | 7) સૂક્ષ્મ, જટીલ કોતરણી કામ. ઉદા - લેપાક્ષી મંદિર. |
| 8) સામગ્રી - પથ્થર, ઈંટ, ચુના પથ્થર, સિમેન્ટ... | 8) આકર્ષણ, પહેલા પથ્થરો કોતરી... |
| 9) રથાકાર, પેગોડા જેવા મંદિરો નહીં | 9) મહાબલીપુરમમાં પંચરથ જેવા રથાકાર મંદિરો. |




⇒ આમ, મંદિર નિર્માણની નાગર અને દ્રાવિડ શૈલી ભારતને ઉત્તમ કોટિનું સ્થાપત્ય આપ્યું...

5½
Q-11

Scanned by CamScanner

CSM-4

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| --- | --- |
| 4 (Q.Q-12) | |

પ્ર.12. આર્યોના મૂળ નિવાસસ્થાન અંગે જુદાજુદા વિદ્વાનોએ આપેલા મંતવ્યો વિશે નોંધ લખો.

Q.12. Write a note on the views given by different scholars about the original home of the Aryans.

આર્યો એટલે "ભાષા કે સંસ્કૃતિનો સમૂહ"

હડપ્પન સમય બાદ ઈ.સ.પૂર્વે 1500માં ભારતમાં આર્યોનું આગમન થયું જેના મૂળ નિવાસ સ્થાન ~~અંગે~~ મતમંતાતર રહેલું છે.

1) દયાનંદ સરસ્વતિ :- ~~"The arctic home of arya"~~ નામના પુસ્તકમાં તેમણે સિરહ્રદને આર્યોનું સ્થાન ગણાવ્યું — રશિયા — મધ્યએશિયા — ~~ઉત્તર~~ પશ્ચિમ ~~પૂર્વ~~ ભારત આવ્યાં હશે.

2) તીલક :- લોકમાન્ય તીલકે આર્યોના મૂળ નિવાસને ~~તિબેટ~~ ગણાવ્યું. આર્યો ભારતમાં ઉત્તરપૂર્વ બાજુથી પ્રવેશ કર્યો હશે.

3) મેક્સમુલર :- મધ્ય એશિયા : મેક્સમુલર અનુસાર પ્રાચીન સમયમાં આર્યોના જેવી જ સંસ્કૃતિ ભારતીય ઉપમહાદ્વિપની ઉત્તરે મધ્યએશિયામાં પ્રચારી હતી. તેઓ ગુરૂકુલ પ્રથા,. સાહિત્યમાં વિદ્વાન હતા અને ગ્રામીણ જીવન ગાળતાં હતાં. ઉત્તર પશ્ચિમથી લોકો ભારતમાં પ્રવેશ્યા.

⇒ આમ, વિવિધ મતમતાંતરો રહેલા છે. પણ ઈતિહાસકારો, વિદ્વાનો અને આચાર્યો મેક્સમુલરના મતને તાર્કિક અને યોગ્ય ગણે છે. કેમકે પ્રાચીન કાળમાં ઉત્તર ધ્રુવથી આબોહવાકીય બદલાવમાં જીવન ગાળવું શક્ય ના હતું અને તીબેટથી આવવાનો રસ્તો નથી, હિમાલય ઓળંગવો અતિ કઠીન છે.

Scanned by CamScanner

| પ્ર.13. | યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ કાઠિયાવાડ પર સંક્ષિપ્ત નોંધ લખો તેમજ ભારતીય સંઘમાં તેના વિલીનીકરણની પ્રક્રિયાઓનું વર્ણન કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|---|---|
| Q.13. | Write a brief note on United States of Kathiawar and describe the processes of its integration into Indian Union. | કુલ ગુણ / TOTAL MARKS: 10 |

⇒ ગુજરાતમાં દેશી રજવાડાના વિલીનીકરણ સમયે 366 રજવાડા હતાં જેમાંનાં 222 રજવાડા સૌરાષ્ટ્રમાં હતા.

⇒ સૌરાષ્ટ્રના આ બધા રજવાડાને એકીકરણ કરવા માટે સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા એટેચમેન્ટ યોજના લાગુ કરાઈ અને સૌરાષ્ટ્રને 222 રજવાડાઓથી 4 પ્રાંત – ધ્રાંગધ્રા, જામનગર, રાજકોટ ભાવનગર એમ વિભાજીત કર્યું. આ ચારેય પ્રાંતમળીને નવા રાજ્યની પરિકલ્પના કરી તે એટલે "યુનાઈટેડ સ્ટેટ ઓફ સૌરાષ્ટ્ર". જેના પ્રમુખ જામનગરના રાજા, ઉપપ્રમુખ ભાવનગરના કૃષ્ણકુમાર સિંહજી હતાં. જેના પ્રથમ મુખ્યમંત્રી ઉચ્છંગરાય ઢેબર હતાં.

⇒ સંઘમાં વિલીનીકરણની પ્રક્રિયા :-

= મોરારજી દેસાઈ, વી.પી. મેનન અને સરદાર પટેલના પ્રયત્ન બાદ ભાવનગર સૌપ્રથમ સંઘમાં ભળી ગયું.

= ત્યારબાદ યુનાઈટેડ સ્ટેટ ઓફ સૌરાષ્ટ્રને સંઘમાં બૃહદ્ મુંબઈ રાજ્ય અંતર્ગત ભેળવવામાં આવ્યું પણ જૂનાગઢ તે માટે સહયોગ ના આપતા આરઝી હકૂમતની સ્થાપના અને સરદાર પટેલની સૈન્ય તેમજ લોકમતની નીતિથી સૌરાષ્ટ્રને ભારતીય સંઘમાં જોડવામાં આવ્યું...

⇒ આમ, કુલ ભારતમાં 562 રજવાડાઓ હતાં જેમાંથી 222 ને સંઘમાં ભેળવવાથી નહેરુએ સરદારને આઝાદીની ચળવળનું સૌથી કઠીન કાર્ય કરી પ્રસંશા કરી હતી

CSM-4

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

Q.15.

પ્ર.14. પ્રાચિન ભારતીય ઇતિહાસના પુનઃનિર્માણ માટેના સ્ત્રોત તરીકે વિદેશી પ્રવાસીઓના વૃત્તાંતના મહત્વની વિવેચનાત્મક ચકાસણી કરો.

Q.14. Critically examine the importance of foreign traveller's accounts as source of the reconstruction of ancient Indian history.

મૌર્યથી માંડીને હર્ષ સુધી પ્રાચિન ભારતના ઈતિહાસને જાણવા મેગેસ્થનીઝ, ફાહિયાન, હ્યુ-એન-ત્સાંગ અને ઈત્સિંગ મહત્વની ઐતિહાસિક વાતો પુનઃનિર્મિત કરે છે.

1) મેગેસ્થનીઝ :- સેલ્યુકસ નિકેટરના રાજદૂત, ઇન્ડિકા નામના પુસ્તકમાં મૌર્ય પ્રશાસન, નગરવહીવટ, સૈન્ય અને ન્યાયકનીતિનું આલેખન - તત્કાલિન સમયની માહિતી આપે છે. તેણે નગરવહીવટમાટે 6 સમિતિ, સમાજમાં 7 વર્ગોના વિભેદ જેવી ટિપ્પણી કરી.

2) ફાહિયાન :- પ્રથમ ચીની મુસાફર, ચંદ્રગુપ્ત બીજાના સમયે ભારત યાત્રા, ફો-ક્વો-કી ગ્રંથની રચના. તેના અનુસાર ભારત સમૃદ્ધ પ્રદેશ, ન્યાયની કોઈ વ્યવસ્થા નહી, દંડનો અભાવ - સકારાત્મક સમાજના વૃતાંત લખ્યાં.

3) હ્યુ-એન-ત્સાંગ :- સૌથી પ્રખ્યાત, હર્ષવર્ધનના સમયે આવ્યો - વૈશાલી, પાટલીપુત્રને પતનઅવસ્થામાં કહ્યું, સમાજમાં ક્ષત્રીય, બ્રાહ્મણોનું સાદું જીવન આલેખ્યું, વાણિયો ભોગ-વિલાસી, ચાંડાલો - અસ્પૃશ્ય, નાલંદા, કાશી અને વલભીના વ્યવસ્થા પરથી. તે સમયની માહિતી પુનર્જીવિત થાય છે. તેનો ગ્રંથ 'સિ-યુ-કી' હતો.

4) ઈત્સિંગ :- પ્રાચીન ભારતમાં છેલ્લો ચીની મુસાફર, બૌદ્ધ ધર્મનું પતન અવસ્થા, બ્રાહ્મણોનો પુનરુત્થાન થયો હોય તેવા વર્ણન મળે છે. 650-700 વર્ષો ને ભારત પ્રવાસે આવ્યો - તે સમયની માહિતી આપે છે.

⇒ આમ, વિવિધ વિદેશીઓ આવ્યાં - જોયું અનુભવ્યું, જોયું તેવું તેમણે ગ્રંથમાં લખ્યું - જે આજે ઈતિહાસને પુનઃનિર્માણ કરાવે છે.

5½
Q.Q-14

Scanned by CamScanner

CSM-4

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
|---|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્ર.15. ભારતીય સોળ સંસ્કારોના નામ લખો અને તે પૈકીના કોઈપણ ત્રણની ચર્ચા કરો.

Q.15. Enumerate the names of the sixteen Indian sacred religious rites (SANSKARS) and discuss any three.

ભારતીય (હિંદુ) સંસ્કૃતિમાં જ સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. બાળકના જન્મથી માંડી મૃત્યુ સુધી તેને વિવિધ સંસ્કારોથી પસાર થવું પડે છે - ત્યારબાદ જ મુક્તિ મળે છે. મૂળરૂપે તે ક્રિયાઓ છે.

સોળ સંસ્કારો :- ગર્ભાધાનસંસ્કાર, જન્મસંસ્કાર, ચૌલકર્મ, વિદ્યાસંસ્કાર, બુદ્ધિસંસ્કાર, બાળસંસ્કાર, સેવા સંસ્કાર, પિતૃસંસ્કાર, નામસંસ્કાર, દાનસંસ્કાર, ભક્તિસંસ્કાર, લગ્નસંસ્કાર અને અગ્નિસંસ્કાર

1) ગર્ભાધાન સંસ્કાર :- માતાના ગર્ભમાં જ બાળક હોય ત્યારે તેનામાં સારા વિચારોનું સિંચન થાય અને મગજ તાર્કિક બને તે માટે સંસ્કાર- સારા પુસ્તકોનું વાંચન, સારા વિચારો, ભક્તિથી કરવામાં આવે છે.
ઉદા- દ્રૌપદી → અભિમન્યુ કુખમાં ઘણુ શીખીને આવે તે

2) ચૌલકર્મ- બાળક ચાલવાનું થાય ત્યાર બાદ તેના શરીરના માથામાં મુંડન કરી નવા વિચારો અને માતાના ભૌતિક બંધનથી મુક્ત આપવામાં આવે છે

3) અગ્નિ સંસ્કાર- માનવદેહમાંથી પ્રાણ ચાલ્યા ગયા બાદ દેહને પંચમહાભૂતમાં ભેળવવા આ સંસ્કાર કરવામાં આવે છે. પૃથ્વી, અગ્નિ, આકાશ, પાતાળ અને વાયુમાં દેહને ભેળવવા અગ્નિથી શરીરને બાળવા સંસ્કાર આપવામાં આવે છે.

⇒ આમ, સમગ્રજીવનમાં સંસ્કારનું સિંચન થાય તેજ ભવ્ય ભારતની સંસ્કૃતિ.

3½ Q-15

Scanned by CamScanner

18

પ્ર.16. ગુજરાતી વ્યવસાયી રંગભૂમિ અને અવેતન રંગભૂમિ વચ્ચેના ભેદ અંગે નોંધ લખો.

Q.16. Write a note on the difference between Gujarati Professional Theatre and Amateur Theatre.

N.A.
Q.Q-16

Question is not replied in totality.

CSM-4



પ્ર.17. 'પાળિયાઓ' લોકસંસ્કૃતિના છડીદાર છે. ચર્ચા કરો.

Q.17. 'PALIAS' are the mace-bearers of Folk Culture. Discuss.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

⇒ 'ગુજરાતની લોકસંસ્કૃતિનો ઈતિહાસ ઉકેલવા પાળિયાઓને બોલતા કરવા પડે !'

— જયમલ્લ પરમાર.

પાળિયાઓ :- ગુજરાતની લોકસંસ્કૃતિમાં વીર થઈ જાય તેની સ્મૃતિમાં ગામને પાદર પથ્થર ઉભો કરી તેની પુજા કરવામાં આવે.

શા માટે લોકસંસ્કૃતિના છડીદાર કહેવાય ?

1) લોકોની વિશ્વાસ પામેલા વીરપુરૂષને ભૂલતા નથી, તેમનાં માંથી પ્રેરણા લઈ આત્મજાગૃતિ અને શ્રદ્ધા જગાવવા આપેલા.

2) બહારથી આવતાં કે બહારગામ જતા પહેલા પાળિયાને પગે લાગીને જવાથી હિંમત, આત્મબળ, શ્રદ્ધા પુરુ પાડે.

જેમ સામાજીક સુધારા આંદોલનોએ સમાજને ગતિશીલ બનાવ્યો એમ ગુજરાતની, વિશેષરૂપ સૌરાષ્ટ્રની ગ્રામીણ લોકસંસ્કૃતિને પાળિયાઓ ગતિશીલ બનાવે છે.

3) નૈતિક મુલ્યોના પ્રતિક રૂપે- ગુજરાતની ભોળી ગામ લોકને [illegible] પ્રત્યે સહિષ્ણુતા, સમાનતા અને સત્યનિષ્ઠાના સંકટો માટે પાળિયા પ્રેરક બળ છે. કોઈ વસ્તુ ખોવાઈ જાય કે ચોરી થાય, બાળક ખોવે, ~~આમ~~ આકસ્મિક પ્રસંગો પાળિયાની માનતા રાખવામાં આવે - ઉકેલાતા હોવાને શ્રીફળથી પુજા કરાય. — આ છે ગુજરાતી ધરતીની લોકસંસ્કૃતિના રક્ષણ કરતા, પરિશ્રમ શિખવતા

પાદરના પાળિયા !

2½

Q.Q-17

Scanned by CamScanner

પ્ર.18. ભારતીય સંત કવિયત્રીઓના સમાજદર્શન વિશે નોંધ લખો.

Q.18. Write a note on the social reflection by Indian saint poetesses.

મેળવેલ OBTAINED MARKS

કુલ ગુણ : TOTAL MARKS: 10

N.A.

Q.Q-18

Scanned by CamScanner

CSM-4




પ્ર.19. ઉત્તર ભારતમાં વહેતી નદીઓ અને દ્વીપકલ્પીય ભારતમાં વહેતી નદીઓ વચ્ચેની ભિન્ન લાક્ષણિકતાઓ જણાવો.

Q.19. Mention the different characteristics between the rivers which drain Northern India and those drain the Peninsular India.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

| ઉત્તર ભારતમાં વહેતી નદીઓ | દ્વીપકલ્પીય નદીઓ |
|---|---|
| 1) ઉદ્ભવ : હિમાલયમાંથી ઉદા. સિંધુ – માનસરોવર. | 1) પશ્ચિમ ઘાટમાંથી, વિંધ્ય, સહ્યાદ્રી માંથી ઉદા. ~~...~~ ગોદાવરી → નાસિક પાસેથી. |
| 2) લંબાઈ : લાંબી ઉદા.– ગંગા – 2500 km (આશરે) | 2) લંબાઈ : હિમાલય નદીઓથી સાપેક્ષે ઓછી. કાવેરી – 900 km. |
| 3) જળપ્રવાહ : બારમાસી | 3) બધા નદીઓમાં જળપ્રવાહ બારમાસી નહીં. અમુક જ – ગોદાવરી |
| 4) પ્રવાહ દિશા – ઉત્તર–દક્ષિણ (ગંગા) અને પૂર્વથી દક્ષિણપશ્ચિમ (સિંધુ) | 4) પશ્ચિમથી દક્ષિણ પૂર્વ કે પૂર્વ. (ગોદાવરી, કૃષ્ણા, કાવેરી) |
| 5) ~~...~~ યુવાવસ્થામાં છે | 5) યુવા, પ્રૌઢાવસ્થામાં છે |
| 6) પાણીના પ્રવાહની ~~ઝડપ~~ વધુ ઓછા તાપમાનવાળી | 6) ધીમો પ્રવાહ, ~~...~~ વધુ તાપમાન |
| 7) અમુક સમયે રસ્તા બદલે કોસી, દામોદર વગેરે | 7) રસ્તાઓ નથી બદલતી. |
| 8) વધુ કાંપ, પથ્થર, રેતી લાવે | 8) ઓછો કાંપ રેતી, પથ્થર |
| 9) વધુ વિસ્તારને સિંચાઈ | 9) ઓછા વિસ્તારને સિંચાઈ |
| 10) આપત્તિ – ભૂસ્ખલન વધુ. | 10) આપત્તિ – સાપેક્ષ ઓછી, ક્યારેક પૂર. |
| 11) સ્થાન:  | 11) સ્થાન:  |






3½
Q.Q-19

Scanned by CamScanner

પ્ર.20. પ્રાદેશિક અસમાનતાઓને ઘટાડવા માટે ભારતના ઔદ્યોગિક અને આર્થિક કોરીડોર્સનું મહત્વ ઉદાહરણો સાથે ચકાસો.

Q.20. Examine the importance of Industrial and Economic Corridors of India in reducing regional disparities with examples.

⇒ ભારતના ઔદ્યોગિક અને આર્થિક કોરીડોર્સ :-




- ઉદ્યોગોના વિકાસ માટે, એક સ્થળેથી અન્ય સ્થળે માલના સરળ પરિવહન માટે ભારતમાં ૨ ઔદ્યોગિક કોરીડોર - લુધિયાણાથી હુગલી અને લુધિયાણાથી મુંબઈ બનાવવામાં આવી રહ્યાં છે...

- આ ઉપરાંત રાષ્ટ્રની ઔદ્યોગિક જરૂરિયાતોને જોડવા માટે ગોલ્ડન ચતુર્ભુજ (રોડ), ડાયમંડ ચતુર્ભુજ (રેલ) વિકસાવાય છે ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ માર્ગો બનાવવામાં આવ્યાં છે (રાજમાર્ગ વિકાસ પ્રોજેક્ટ 1998)

⇒ પ્રાદેશિક અસમાનતા ઘટાડવા તેનું મહત્વ :

1) સરળ કાચા, પાકા માલનું પરિવહન : દા. દિલ્હીમાં ઉત્પાદિત પેદાશને સરળતાથી વિકાસ અર્થે મુંબઈ/કોલકાતા બંદરે ઝડપથી પહોંચાડી - પ્રાદેશિક અસમાનતા ઘટાડી શકાય

2) રોજગારી - કોરિડોરથી ત્યાં વસતા લોકોને રોજગારી મળશે - નવા ઉદ્યોગોની સ્થાપના થશે, સ્થાનિક ઉત્પાદોને બજાર મળશે - આર્થિક વૃદ્ધિ થતી અસમાનતા ઘટશે. દા. રાજસ્થાનમાં રોડ આસપાસ રીયલ બને → રોજગારી, સ્થાનિક રમકડા વેચાય.

3) સ્થળાંતર સરળ - લોકો ઝડપી સ્થળાંતરણ કરી શકશે.

4) વિકાસ સરળ - પોર્ટ સાથે જોડાણ

5) આર્થિક ગતિવિધિ પ્રોત્સાહન - કોરિડોર આસપાસ કારણ કરવાના નીતિ, રોકાણ વધે, ક્ષેત્રીય વિકાસને પ્રોત્સાહન

રોડ બને → રોકાણ વધે → આર્થિક ગતિવિધિ → રોજગારી → નાણાં → ક્ષેત્રીય વિકાસ

5 Q-20

M-4 Q.21 કુલ ગુણ TOTAL MARKS

Scanned by CamScanner

પ્ર.21. ભારતીય કૃષિક્ષેત્ર પર વૈશ્વિકીકરણની અસર અંગે ઉદાહરણો સાથે ચર્ચા કરો.

Q.21. Discuss the impact of Globalization on Indian agriculture sector with examples.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

વર્ષ ૧૯૯૧માં વૈશ્વિકીકરણ અપનાવ્યું ત્યાર બાદ આર્થિક ક્ષેત્રે અસરો થઈ. કૃષિ પણ તેમાંથી બાકાત નથી.

* સકારાત્મક અસરો.

① ખેતીની આધુનિક ટેક્નોલોજી મળી ઉદા. ઇઝરાઇલની ડ્રીપ ઇરિગેશન, સ્પ્રિંકલર ઇરિગેશન, માછલી પકડવાની ટેકનોલોજી

② નિકાસ બજાર। ભારતની ઉત્પાદનો બાહ્ય બજાર મળ્યું મસાલા, શાકભાજી, ફળફળાદિ યુરોપ, અમેરિકામાં નિકાસ, મત્સ્ય નિકાસ વધી.

③ કૃષિનું વ્યવસાયિકરણ : કંપની આવી, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ વધ્યું, મૂડીવાદ વધવાથી દાખલ્યો, ફળોની સ્થાને રોકડિયા પાકોનું પ્રચલન વધ્યું, આર્થિક રીતે ખેડૂત સમૃદ્ધ થયો.

④ મશીનીકરણ – સાંતી, ગાડાને સ્થાને ટ્રેક્ટર આવ્યા – ~~ઓછા~~ મબલક ઉત્પાદન કરી શકાય. ખેડૂત સમૃદ્ધ - વારકતાથી બન્યો. નવા બીજ (GM પાક) મળ્યાં,

⑤ ખાદ્ય સુરક્ષા – વૈશ્વિકીકરણ બાદ ખાદ્ય સંકટ નથી આવ્યું.

* નકારાત્મક અસરો :

① મશીનીકરણથી શ્રમ વધુ ત્યાં ઓછો બેરોજગાર થયા, નાના-સીમાંત ખેડૂતો (86%) મશીન પરવડી શકે નહી, મશીનમાં ઇંધણથી પર્યાવરણને નુકસાન

② કૃષિ – Agriculture – સંસ્કૃતિ મટીને વ્યવસાય થઈ.

③ મોનોકલ્ચર – પાક વૈવિધ્યથી અસફલ પાક. જમીનની ફળદ્રુપતા ઘટી. પહેલા તેલીબિયામાં સરપ્લસ ભારત આજે આયાત કરે છે. કપાસનું ઉત્પાદન મબલક થયું.

④ કુપોષણ – વધુ ઉત્પાદન કરવામાં હજુ કુપોષણને નાથવામાં અસફળતા.

→ આમ, કૃષિક્ષેત્રને વૈશ્વિકીકરણની સારી-નરસી ~~અસરો~~ થઈ. નકાર અસરો ઘટાડવા સરકાર પ્રયત્નશીલ છે, ઉદા પરંપરાગત કૃષિ વિકાસ, ઝીરો બજેટ ફાર્મિંગને પ્રોત્સાહન.

6



Scanned by CamScanner

SM-4

કુલ ગુણ TOTAL MARKS

પ્ર.22. ભારતમાં આંતરરાજ્ય સ્થળાંતરના કારણો અને પરિણામો કયા છે ? યોગ્ય ઉદાહરણો સાથે ચર્ચા કરો.

Q.22. What are the causes and consequences of inter-state migration in India ? Discuss with suitable examples.

આંતરરાજ્ય સ્થળાંતર :- એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવું.

કારણો :-

1) આર્થિક : રોજગારી મેળવવા, ઉદા. ઉત્તરપ્રદેશના લોકો રોજગારી અર્થે ગુજરાતમાં ગુજરાત આવે.

2) જીવનધોરણ : સારાં જીવનધોરણની ઝંખનાએ. ઉદા. ઉચ્ચ જીવનધોરણ અર્થે સ્થળાંતરણ થાય છે ઝારખંડ, છત્તીસગઢથી

3) કુદરતી આપત્તિ: વિસ્તારો, ભૂકંપગ્રસ્ત પ્રદેશો, પુરગ્રસ્ત એમાંથી લોકો અન્ય રાજ્યોમાં સ્થળાંતરિત થાય છે.

ઉદાહરણ- કચ્છથી મુંબઈ, હિમાચલથી દિલ્લી, બિહાર કોશીના પુરથી રક્ષણ અર્થે કોલકતા, સ્થળાંતરણ...

4) સુરક્ષા :- જમ્મુ કાશ્મીરથી દિલ્લીમાં લોકોનું સ્થળાંતરણ

પરિણામો :- 1) સંસાધનો પર દબાણ- ઉત્તરપૂર્વના લોકો સ્થળાંતરીત થાય, ત્યાંના સ્થાનિક હિતોને આંચ.

2) વસ્તીનું કેન્દ્રીયકરણ- દિલ્લીમાં અતિવસ્તી, જેથી અનેક સમસ્યાઓ.

3) ગુના સમયે અસહિષ્ણુતા- ગુજરાતમાં બળાત્કારના કેસમાં યુ.પી., બિહારના મજૂરો ઉપર અત્યાચાર- રાષ્ટ્રીય એકતાને આંચ., એક ભારત, શ્રેષ્ઠ ભારત બનાવવું હિતાવહ

4) સાંસ્કૃતિક આદાનપ્રદાન- વૈવિધ્યસભર દેશમાં વિવિધ સંસ્કૃતિનું મિલન થાય. ગુજરાતમાં હવે રાસલીલા, ગણેશ ઉત્સવ જોવા મળે.

5) આ ઉપરાંત, બંધારણીય એકતાને પ્રોત્સાહન, આર્થિક ગતિવિધિ વધે, રોજગારી વધે, ઘણી બચત સલામ બને- આમ અનેક પરિણામો રહેલા છે.

6½

Q.Q-22

Scanned by CamScanner